**<u>ક્રીમીનલ કેસ નં. ૧૫૩૮૭/૨૦૧૮</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામના આરોપીને ઘણા સમયથી સમન્સની બજવણી થતી નથી. સદર કામના ફરીયાદીને અત્રેની કોર્ટથી સમન્સ કાઢતા ફરીયાદી હસમુખભાઈ શામજીભાઈ પોકાર અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને તેમણે આંક–<u> ૧૦ </u> વાળી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. તેઓને મુદ્દામાલ વાહન કોર્ટમાંથી પરત મળી ગયેલ હોય, આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે. આ સંજોગોમાં નામ. કેરાલા હાઈકોર્ટે ક્રી. પ. અ. નં. ૩૨૧૫/૨૦૦૭ વાય. પી. બૈજુ વી. સ્ટેટ ઓફ કેરાલા અને બીજાઓ (૨૦૦૮ સી.આર. એલ. જે. ૯૨૮ ) ના કેસમાં તા.૩૦/૧૦/૨૦૦૭ ના રોજ આપેલ ચુકાદામાં પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ આરોપી હાજર ન હોવા છતાં ક્રી. પ્રો. કોડની કલમ–૩૨૦ મુજબ ગુનો સમાધાન લાયક હોય ત્યારે સમાધાન રેકર્ડ પર લઈ આગળની કાર્યવાહી કરવી વ્યાજબી જણાય છે. આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનાનુ તહોમત છે. જે ક્રી. પ્રો. કોડની કલમ–૩૨૦(૧) અન્વયે સમાધાન લાયક ગુનો હોય, નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**<u>: હુ ક મ :</u>**

ક્રિ. પ્રો. કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે આ કામના આરોપી– રાહુલ ભરતભાઈ લકુમ નાઓને તેની સામેના ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનામાંથી નીર્દોષ ઠરાવી છોડી મુંકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯, માહે– માર્ચ, સને–૨૦૧૯ ના રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯ / ૦૩/ ૨૦૧૯
સ્થળ : રાજકોટ.

( એમ. વી. ચૌહાણ )
દસમાં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
રા જ કો ટ.
( જીજે ૦૧૦૧૫ )